સન્નારી



# આજની દુલ્હનો પસંદ કરે છે વારસાગત પાનેતર અને ઘરચોળું

કોઈ છોકરી પરિણય સૂત્રમાં બંધાવા જઈ રહી હોય ત્યારે બદલાતા જમાના પ્રમાણેની બ્રાઈડલ સાડી, ટ્રેન્ડિંગ જવેલરી પહેરી સોળે શણગાર સજવાના તેને કોડ હોય. જો કે હવે તો રેટ્રો લુક ખાસ્સો ટ્રેન્ડિંગ છે. રેટ્રો પાર્ટીમાં જૂના સમયનાં કપડાં પહેરીને ગેસ્ટ આવતા હોય છે. આ રેટ્રોનો ટ્રેન્ડ હવે ધીરે ધીરે લગ્નમાં પણ દેખાવા લાગ્યો છે. બ્રાઈડ તેનાં મમ્મીના લગ્નની સાડી પોતાના લગ્નમાં પહેરવાનું પસંદ કરવા લાગી છે. જ્યારે દીકરી પોતાના વિવાહમાં પોતાની મમ્મીનું પાનેતર કે સેલા સાડી કે ઘરચોળું પહેરે છે ત્યારે એ ઘણી જ પ્રેમાળ અને ભાવુક ક્ષણ હોય છે. તેમાં જૂની પેઢીનો પ્રેમ અને વિરાસત નવી પેઢી સાથે જોડાય છે. જો કે અત્યારે જે ટ્રેન્ડ છે તેમાં મમ્મીના લગ્નપ્રસંગની સાડી દીકરી પોતાના પ્રસંગમાં પહેરે ત્યારે સાડીને થોડી મોડીફાય કરે છે અને એ રીતે સાડીને નવો લુક આપે છે. જેમ કે બ્લાઉઝ નવા જમાના પ્રમાણેનો હોય અથવા ડિઝાઈનર ટચ આપીને આજના જમાનાને અનુરૂપ બનાવે છે. મમ્મીની 30-35 વર્ષ જૂની સાડી કે દાદી કે નાનીની વર્ષો જૂની સાડી સાથે આજના જમાનાની જવેલરી પહેરીને, નવા જમાનાની હેર સ્ટાઈલ કરીને મોડર્ન ટચ આપવાનું ચલણ દેશમાં દેખાવા લાગ્યું છે. જો કે સુરતમાં કે તેની નજીકનાં શહેરોમાં આવું થયું છે કે નહીં તેની શોધ ‘સન્નારી’ની ટીમે આદરી ત્યારે મમ્મી અને દીકરીની પ્રેમાળ ક્ષણો વિશેના યાદગાર જે પ્રસંગો મળી આવ્યા તેની વાતો અમે આ લેખના માધ્યમથી તમારી સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા છીએ...



## દીકરીએ તેની રિંગ સેરિમનીમાં તેની મમ્મીનું પાનેતર પહેર્યું હતું: વિજય દેસાઈ





ભટાર ચાર રસ્તા વિસ્તારમાં રહેતાં 63 વર્ષીય વિજય દેસાઈ વ્યવસાયે બિલ્ડર છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારી 26 વર્ષની દીકરી મેહા હાલમાં કેનેડામાં બેંકમાં જોબ કરે છે. તેની રિંગ સેરિમની કેનેડામાં જ જોબ કરતાં મૂળ રાજકોટના શિવમ ભોજાણી સાથે ગત નવેમ્બરમાં સુરતમાં થઈ હતી. મને એન્ટિક વસ્તુઓ કલેક્ટ કરવાનો શોખ છે. હું અત્યાર સુધી 22થી વધુ કન્ટ્રીમાં ફર્યો છું. જે કન્ટ્રીમાં ફરવા જાઉં ત્યાંની ફેમસ વસ્તુઓ હું સુરત લઈ આવું છું. વિવિધ દેશોના ચલણી સિક્કાઓનું પણ મેં કલેક્શન કર્યું છે. મારો એન્ટિક વસ્તુઓના કલેક્શનનો શોખ મારી દીકરીમાં ઊતર્યો છે. તે પણ જ્યાં ફરવા જાય ત્યાંના ફેમસ આર્ટિકલ્સ લઈ આવે. તેની પાસે પણ અલગ અલગ દેશોના કોઈન છે. આ શોખને કારણે જ અને મમ્મી પ્રત્યેના પ્રેમને લઈને દીકરી મેહાએ તેની મમ્મીએ 1991માં લગ્ન સમયે પહેરેલું પાનેતર પોતાની રિંગ સેરેમનીમાં પહેર્યું હતું. મેં એ પ્રસંગના દિવસે સાંજે મારું 55 વર્ષ જૂનું પિતાંબર પહેર્યું હતું. હું 7 વર્ષની ઉંમરનો હતો ત્યારે મને જનોઈ દીધા હતા ત્યારે એ પ્રસંગ પર મેં ઓરીજીનલ સિલ્કનું રિયલ જરી વર્કની બોર્ડરવાળું પિતાંબર પહેર્યું હતું. આ પિતાંબર તો હું ગરબામાં પણ પહેરતો હોઉં છું. મારી દીકરીએ એની મમ્મીનું જે પાનેતર પહેર્યું હતું તેમાં કોઈ પણ પ્રકારના ચેન્જિસ નથી કર્યા. મેં મારા પિતાંબરમાં પણ જરા સરખો પણ ફેરફાર નથી કર્યો.’’

## મમ્મીની રિયલ વર્કની સાડી મારા સીમંતના પ્રસંગમાં મેં પહેરી હતી: વિમ્મી મશરૂવાળા



વેસુ વિસ્તારમાં રહેતાં 41 વર્ષીય વિમ્મીબેન મશરૂવાળા હાઉસ વાઈફ છે. તેમણે જણાવ્યું કે, ‘‘અમે ખત્રી છીએ. અમારા સમાજમાં લગ્ન અને અન્ય શુભ પ્રસંગોમાં રિયલ જરી વર્કની સાડીઓ પહેરાય છે. મારી મોટી સિસ્ટર ડિમ્પલબેનના લગ્નમાં મારી મમ્મીએ જે રિયલ વર્કની સાડી પહેરી હતી તે સાડી મેં મારા સીમંતના પ્રસંગમાં પહેરી હતી. મારા સીમંતનો પ્રસંગ મારા સાસરામાં હતો તેમાં મોસાળું ગવડાવે. આ મોસાળું ગવડાવવાના પ્રસંગમાં મેં મારી મમ્મી સુધાબેનની રિયલ વર્કની સાડી પહેરી હતી. અમારામાં મોસાળું ગવડાવવાના પ્રસંગમાં કાકી આવી શકે, બહેનો આવી શકે પણ મમ્મી નહીં આવી શકે એટલે મમ્મીની સાડીના રૂપમાં મમ્મીની હાજરી પ્રસંગમાં વર્તાય તે માટે મેં મમ્મીની એ સાડી પહેરી હતી. મારો સીમંતનો પ્રસંગ 2006માં થયો હતો. હું મમ્મી બનવા જઈ રહી હતી ત્યારે મારાં મમ્મીની જે ફિલિંગ છે તે મારી સાથે રહે તે માટે પણ મેં તે સાડી પહેરી હતી અને મને પ્રોપર યાદ નથી પણ કદાચ મારી સિસ્ટરનો નેકલેસ પણ મેં પહેર્યો હતો. મારા મેરેજના પ્રસંગમાં ગ્રહશાંતેક વખતે મમ્મીનો નેકલેસ પહેર્યો હતો. મેં સીમંતમાં મારી મમ્મીની જે રિયલ વર્કની સાડી પહેરી હતી તે અત્યારે મારી મમ્મી પાસે છે. આ સાડીનું રિયલ વર્ક કાળું ના પડી જાય તે માટે તે કટકામાં વ્યવસ્થિત વીંટાળીને રાખવામાં આવે છે.’’

## કલાસી લુક માટે મમ્મીનું પ્યોર સિલ્કનું પાનેતર મેં મારા લગ્નમાં પહેર્યું હતું: જયના જાની

‘‘હું મારાં મમ્મી જેવી લાગું છું એવું બધાં કહેતા હોય છે એટલે મમ્મી એમના લગ્નમાં જેટલાં સારાં લાગતાં હતાં તેટલી જ સરસ હું મારા લગ્નમાં લાગું તે માટે મેં મારા લગ્નમાં મારી મમ્મીનું પાનેતર પહેર્યું હતું.’’ આ શબ્દો છે વેસુ વિસ્તારમાં રહેતાં 45 વર્ષીય



જયનાબેન જાનીના. તેઓ બિઝનેસ વુમન છે અને તેઓ સુરતીઓની ફેવરિટ ડિશ લોચોના બિઝનેસ સાથે સંકળાયેલાં છે. તેમણે જણાવ્યું કે, ‘‘49 વર્ષ પહેલાં મારાં મમ્મીએ એમના લગ્નમાં બહુ સિમ્પલ અને પ્યોર સિલ્કનું ગાંઠ બંધેજનું પાનેતર પહેર્યું હતું. તે ખૂબ જ કલાસી લુક આપે છે. મારા લગ્નમાં મને કલાસી લુક જોઈતો હતો એટલે મેં મમ્મીને કહ્યું હતું કે, તમે મને સોનું, ચાંદી નહીં આપો તો ચાલશે પણ મને તમારું પાનેતર જોઈએ. એ વખતે મારાં સાસુ ખૂબ ખુશ થયાં હતાં. તેમનું કહેવું હતું કે જયના તેના મમ્મીના ઘરનું આટલું સાચવી રાખે છે તો તે આપણા ઘરે આવશે તો આપણા ઘરનું પણ આટલું જ સાચવી રાખશે. એ પાનેતર મેં 25 વર્ષ પહેલાં મારા લગ્નમાં પહેર્યું હતું. તેને અત્યારે પણ મેં ખૂબ સરસ રીતે સાચવી રાખ્યું છે. એ પાનેતર તો લાઈફટાઈમની યાદગીરી છે. મારી વહુ આવશે ત્યારે તેને પણ હું આ પાનેતર પહેરાવવા માંગું છું. આ પાનેતર મેં અલગ બેગમાં સાચવી રાખ્યું છે અને ઘરચોળું પણ અલગ બેગમાં સાચવી રાખ્યું છે. આ પાનેતર જેવી પ્યોર સિલ્ક અને ક્વોલિટી આજે ગમે તેટલા પૈસા ખર્ચો પણ નહીં મળે. તેમાં મેં કોઈ પણ પ્રકારનો જરાસરખો પણ ફેરફાર નથી કરાવ્યો.’’

## મોટાં મમ્મીનું ઘરચોળું મેં મારા લગ્નમાં પહેર્યું હતું, અત્યારે પણ દર કરવાચોથ પર પહેરું છું: માનસી મસાલાવાળા



‘‘બાળપણથી જ મારી ઈચ્છા રહી હતી કે મારા લગ્નમાં હું મારી મોટી મમ્મીનું ઘરચોળું પહેરું અને મારી આ ઈચ્છા 13 વર્ષ પહેલાં મારા લગ્નમાં પૂરી થઈ હતી.’’ આ શબ્દો પાર્લે પોઈન્ટ વિસ્તારમાં રહેતાં 38 વર્ષીય માનસી મસાલાવાળાના છે. તેઓ બિઝનેસ વુમન છે અને તેમનો બિઝનેસ ફરસાણનો છે. તેમણે આખી વાતને વિસ્તારપૂર્વક આ રીતે જણાવી હતી કે, ‘‘બાળપણમાં મને મારાં મોટાં મમ્મી સુધાબેનનું ઘરચોળું બહુ ગમતું હતું. આ ઘરચોળામાં રિયલ જરીનું વર્ક છે. હું નાની હતી ત્યારે કહેતી કે મારા લગ્ન થશે ત્યારે હું આ જ ઘરચોળું પહેરીશ. જો કે મારા મેરેજના સમયમાં રેડ કલરના ચણિયાચોળીનો ટ્રેન્ડ હતો. મેં મારાં ઈન્લોઝને મારી ઈચ્છા વિશે જણાવ્યું હતું. મારાં ઈન્લોઝ સપોર્ટિવ છે. તેમણે મોટાં મમ્મી પ્રત્યેની મારી લાગણીને માન આપ્યું હતું. મેં મોટાં મમ્મીને કહ્યું હતું કે, તમારું ઘરચોળું તમે મારા લગ્નની ગિફ્ટ તરીકે સમજીને આપો કે પછી જે સમજીને આપવું હોય પણ મને આ ઘરચોળું આપો. મોટાં મમ્મીને દીકરો છે, દીકરી નથી. તેમણે ખુશી ખુશી તેમનું ઘરચોળું મને આપ્યું હતું. મોટાં મમ્મી હાલ મુંબઈમાં છે પણ તેમનું ઘરચોળું મારી પાસે જ છે અને દર વર્ષે કરવાચોથ પર હું આ ઘરચોળું પહેરું જ છું. એ ઘરચોળાનું વર્ક આજે પણ જરા સરખું પણ નથી બગડ્યું, કાળું પણ નથી પડ્યું. તેનું મટીરિયલ પણ હજી સુધી વ્યવસ્થિત છે. મોટાં મમ્મીએ 49 વર્ષ પહેલાં તેમના લગ્નમાં તે પહેર્યું હતું.’’



## મમ્મી હયાત નથી તેમના આશીર્વાદરૂપે બંને બહેનોએ મમ્મીના મેરેજ અને રિસેપ્શનની સેલા સાડી પહેરી હતી: નિકિતા અને ફેની





અડાજણ વિસ્તારમાં રહેતાં 35 વર્ષીય નિકિતા વાંકાવાળા અને સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 30 વર્ષીય ફેની લીલાવાળા બંને સગી બહેનો છે. ફેનીનાં 5 વર્ષ પહેલાં 2020માં લગ્ન થયાં હતાં ત્યારે ગ્રહશાંતેકમાં ફેનીએ તેમનાં મમ્મી દીપાબેનના લગ્નની સેલા સાડી પહેરી હતી અને નિકિતાએ આ જ પ્રસંગમાં મમ્મીના રિસેપ્શનની સેલા સાડી પહેરી હતી. બંને બહેનોએ કેમ મમ્મીના લગ્ન અને રિસેપ્શનની સાડી પહેરી હતી તેના વિશે વિસ્તૃતમાં વાત કરતાં જણાવ્યું હતું કે, તેમનાં મમ્મીનું 2009માં અવસાન થયું હતું. નિકિતાના લગ્ન સમયે મધર હયાત નહોતા. જો કે પિતાની છત્રછાયા હતી પણ ફેનીના લગ્ન સમયે પિતા પણ હયાત નહોતા. ફેનીએ જણાવ્યું કે, ‘‘મારા મેરેજના ગ્રહશાંતેકના પ્રસંગમાં મેં મારાં મમ્મીના લગ્નની બ્લ્યૂ કલરની સેલા સાડી કે જે રિયલ ધાગા વર્કની છે તે પહેરી હતી અને મારી સિસ્ટર નિકિતાએ આ જ પ્રસંગમાં મમ્મીના રિસેપ્શનની રેડ કલરની સેલા સાડી પહેરી હતી.’’ નિકિતાએ જણાવ્યું કે, ‘‘ફેનીના મેરેજ સમયે અમારાં મમ્મી-પપ્પા હયાત નહોતાં તો એમની હાજરી આ શુભ પ્રસંગમાં વર્તાય અને સાડીના સ્વરૂપમાં તેમના આશીર્વાદ અમારી બંને બહેનો સાથે છે તેની ફીલિંગ્સ માટે અમે બંને બહેનોએ મમ્મીના લગ્નપ્રસંગની સાડી પહેરી હતી. એ વખતે અમારા ફેમિલી મેમ્બર્સે પણ અમારી આ શુભભાવનાની સરાહના કરી હતી.’’ બંને બહેનોએ જણાવ્યું કે, ‘‘અમારી મમ્મીના લગ્ન 1988માં થયા હતા તે વખતની તેમની આ સેલા સાડી અમે બંને બહેનોએ ખૂબ જતન પૂર્વક સાચવી રાખી છે.’’ એક સાડી નિકિતા પાસે છે અને બીજી સાડી ફેની પાસે છે. •

## દીકરીએ તેના લગ્નના પ્રસંગો દરમિયાન દાદી અને નાનીની સાડી પહેરી હતી: ડૉ. સોનલ જૈન



ઘોડદોડ રોડ વિસ્તારમાં રહેતાં 55 વર્ષીય ડૉ. સોનલ જૈન વ્યવસાયે ફિઝિયોથેરાપીસ્ટ છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારી દીકરી અનુષ્કા શિકાગોમાં MBA કરી રહી છે. તેના લગ્ન રાજસ્થાનમાં જયપુરમાં સ્થિત 230 વર્ષ જૂના ફોર્ટમાં કરવામાં આવ્યા હતા. ત્યાં જ મંડપમુહૂર્તની વિધિ થઈ હતી. મંડપમુહૂર્તનો થીમ હેયરલૂમ (વિરાસત) હતો. તે પ્રસંગમાં મેં મારી દીકરી અનુષ્કાનાં ચણિયાચોળી પહેર્યાં હતાં. તેની પર મારા લગ્નનું જે પાનેતર હતું તે ફસકી પડ્યું હતું તેનો દુપટ્ટો પહેર્યો હતો. મારી મમ્મીએ અને મારાં સાસુએ મને ગિફ્ટમાં આપેલી એક એક જવેલરી અને મારી એક જવેલરી ભેગી કરી એક નેકલેસ બનાવ્યો હતો, તે મેં પહેર્યો હતો. જ્યારે મારી દીકરી અનુષ્કાએ તેની નાનીની સાડી અને દાદીની સાડી પહેરી હતી. અનુષ્કાનાં દાદી એટલે કે મારાં સાસુએ મારા લગ્નમાં જે સાડી પહેરી હતી તે સાડી અનુષ્કાએ સેકન્ડ સાડી તરીકે એઝ અ દુપટ્ટા પહેરી હતી. મેં મારા લગ્નમાં જે સેટ પહેર્યો હતો તે અનુષ્કાએ આ લગ્નમંડપના મુહૂર્તના પ્રસંગમાં પહેર્યો હતો. મારી એક ભાભીએ તેમના લગ્નની સાડી આ મંડપમુહૂર્તના પ્રસંગમાં પહેરી હતી તો મારી બીજી ભાભીએ તેમનાં નાનીની સાડી પહેરી હતી. મારી દીકરી તેના લગ્ન ટ્રેડિશનલ થાય તેવું ઈચ્છતી હતી. તે લગ્નની બધી જ વિધિ કરવા માંગતી હતી. અમે બધી જ વિધિઓ લગ્નમાં એકદમ ટ્રેડિશનલી કરી હતી. મોસાળું કર્યું તેમાં આખા ફેમિલીએ પટોળા પહેર્યાં હતાં અને ગરબામાં બાંધણી પહેરી હતી. મોસાળામાં ગેસ્ટને સાડેલી આર્ટના બોક્સ ગિફ્ટમાં આપ્યા હતાં. આ ઉપરાંત કચ્છી આર્ટની હાથવણાટની શૉલ મહેમાનોને રિટર્ન ગિફ્ટમાં આપી હતી. આ રીતે ગુજરાતની હસ્તકલાઓને વણી લઈને આ હસ્તકલાઓના કલાકારોને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો હતો. અનુષ્કાની મામીએ અનુષ્કાને જે જે ખાવું ગમે છે તે બધી 56 પ્રકારની ખાવાની વસ્તુઓનો થાળ બનાવ્યો હતો. એક મોટા એમ્બ્રોયડરી કરેલા કાપડ પર ફેમિલી મેમ્બર્સે તેમના હાથની કંકુથાપ કરી આ કાપડ અનુષ્કાને યાદગીરી તરીકે આપવામાં આવ્યું હતું.’’

## મારા લગ્નમાં મારે કલરફુલ સાડી પહેરવી હતી એટલે મેં મમ્મીની ઘરચોળા જેવી સાડી પહેરી હતી: મુક્તિ વ્યાસ

‘‘હું નાની હતી ત્યારે મમ્મીના લગ્નના ફોટાનું આલ્બમ જોતી. એ વખતે જ મેં મનમાં ગાંઠ બાંધી લીધી હતી કે મારા લગ્ન થશે ત્યારે હું મમ્મીની ગાળો (ઘરચોળા જેવી) સાડી પહેરીશ. મારા લગ્ન થયા ત્યારે મારું આ સપનું પૂરું થયું હતું.’’ આ શબ્દો છે વડોદરામાં રહેતાં 45 વર્ષીય મુક્તિ વ્યાસના. તેઓ સ્કૂલ ટીચર છે. તેમણે જણાવ્યું કે, ‘‘પાનેતર વ્હાઈટ કલરનું હોય અને તેમાં ગોલ્ડન બોર્ડર હોય. મારે પાનેતર કરતાં કલરફુલ સાડીમાં લગ્ન કરવા હતા. હું નાની હતી ત્યારે મમ્મીને કહેતી, મમ્મી હું તમારા જેવા લુકમાં મારા લગ્નમાં બેસવાની. અમે મેવાડા બ્રાહ્મણ, અમારામાં લગ્નમાં ગાળો સાડી પહેરાય છે. જ્યારે મારા મેરેજનું નક્કી થયું ત્યારે મેં મારા જીવનસાથી ધ્રુમિલને જણાવ્યું હતું કે હું મમ્મીના લગ્નની સાડી પહેરીશ. ત્યારે તેમણે કહ્યું કે તું મારા ઘરે કાયમ માટે આવે તે જ અગત્યનું છે અને એ રીતે તેમણે મારી ઈચ્છાને માન આપ્યું હતું. મારાં મમ્મીના લગ્ન થયા તે સમય એવો હતો કે દુલ્હન નીતરતા વાળે લગ્ન મંડપમાં બેસતી, મારાં મમ્મી પણ એ રીતે જ લગ્નમાં બેઠાં હતાં. મરૂન અને ગ્રીન કલરની ગાળો સાડી, કપાળ પર મોટો ચાંદલો અને ભીના વાળ અને બીજો કોઈ પણ પ્રકારનો મેકઅપ નહીં. હું પણ ભીના વાળે મમ્મીના લગ્નની સાડી પહેરીને લગ્ન મંડપમાં બેઠી હતી. મેં મેકઅપમાં માત્ર લિપસ્ટિક લગાવી હતી. હાથમાં સાડીને મેચ કરતી ગ્રીન અને મરૂન કલરની કાચની બંગડીઓ પહેરી હતી. મમ્મીએ કહ્યું હતું કે બેટા મુક્તિ, તું તારા લગ્નમાં મારી સાડી પહેરજે પણ પછી તે મને પાછી આપજે કેમ કે હું આ દુનિયામાંથી વિદાય લઈશ ત્યારે હું આ સાડીમાં વિદા થવા માંગું છું. એક વર્ષ પહેલાં મારા મધર સુહાગન આ દુનિયામાંથી વિદા થયા એટલે તેમને એ સાડીમાં અમે વિદાય આપી હતી.’’

**હવેના યંગસ્ટર્સ પણ ફરી ટ્રેડિશન તરફ જવા લાગ્યા છે. માત્ર રિંગ સેરિમની, હલ્દી, સંગીત, મહેંદી જ નહીં હવે તો મંડપમુહૂર્ત અને મોસાળામાં પણ ધૂમધામ થવા લાગી છે. આ બધાં વચ્ચે ધ્યાન ખેંચે છે હેઅરલૂમ એટલે કે વિરાસત. લગ્નના પ્રસંગોમાં મમ્મી, દાદી, નાનીની જૂની પણ એલિગન્ટ લુકની સાડીઓ દુલ્હન દ્વારા પહેરવાનો ટ્રેન્ડ આવ્યો છે. તેનાથી પરિવાર અને નજીકના સંબંધી સાથેના ભાવનાત્મક સંબંધો વધારે મજબૂત બનવા લાગ્યા છે. માત્ર દુલ્હન જ લગ્નમાં વિરાસતને ફોલો કરે છે એવું નથી પણ પરિવારના દરેક મેમ્બર્સ પણ દાદી, નાનીનાં વર્ષો જૂના સાડીઓ અને દાગીના પહેરી લગ્નને સુંદર મજાનું કાયમી સંભારણું બનાવી દે છે.**